# નાણાકીય સહાયતા

Trinity Health તબીબી જરૂરિયાતના આધારે અમારી પાસે આવતા તમામ લોકોને સંભાળ, સારવાર અને સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

## નાણાકીય સહાયતા નીતિ

- તમારી આવકના આધારે નાણાકીય મદદ પૂરી પાડવામાં આવે છે. આને **સંઘીય ગરીબી સ્તરની માર્ગદર્શિકા**નો ઉપયોગ કરીને વ્યાખ્યાયિત કરવામાં આવી છે.
- જો તમે સંઘીય ગરીબી સ્તરની માર્ગદર્શિકાના 200% અથવા તેનાથી ઓછી કમાણી કરો છો તો તમને સંપૂર્ણ ડિસ્કાઉન્ટ મળી શકે છે. તે તબીબી રીતે જરૂરી સેવાઓને લાગુ પડે છે.
- જો તમે સંઘીય ગરીબી સ્તરના 201% અને 400% વચ્ચે કમાણી કરો છો તો તમને આંશિક ડિસ્કાઉન્ટ મળી શકે છે.
- Trinity Health લાયકાત ધરાવતાં દર્દીઓ પાસેથી Medicare ડિસ્કાઉન્ટ દર કરતાં વધુ ચાર્જ લેશે નહીં.
- તમારી સહચુકવણી, સહવીમા અને કપાતપાત્રને ડિસ્કાઉન્ટ મળી શકે છે. જો તમે સંઘીય ગરીબી સ્તરના 400% કરતા ઓછું કમાતા હોવ તો તમે સહાયતા માટે લાયક ઠરી શકો છો.
- જો તમે આપત્તિજનક ખર્ચનો સામનો કરી રહ્યા છો, તો તમને ડિસ્કાઉન્ટ મળી શકે છે. આવું ત્યારે થાય છે જ્યારે છેલ્લા 12 મહિનાનો તમારો તબીબી ખર્ચ તમારા ઘરની આવકના 20%થી વધુ હોય. ડિસ્કાઉન્ટમાં તમારી સહચુકવણી પણ શામેલ હોઇ શકે છે. તેમાં સહવીમા, અને કપાતપાત્રનો પણ સમાવેશ થઇ શકે છે.

**કોસ્મેટિક સર્જરી જેવી વૈકલ્પિક સેવાઓ નાણાકીય સહાયતા માટે પાત્ર નથી.**

નાણાકીય સહાય માટે અરજી કરવા માટે, અરજી પૂર્ણ કરો અને સબમિટ કરો. Trinity Health નાણાકીય સહાયતા નીતિ અને અરજી હોસ્પિટલના વેબપેજ: **trinityhealthma.org/financial-assistance**. પર ઉપલબ્ધ છે. તમે જે જગ્યા પર સંભાળ લીધી હોય તેની મુલાકાત લઈને, મેઈલ કરીને અથવા કોલ કરીને અથવા Trinity Health Enterprise Patient Financial Services, 20555 Victor Parkway, Livonia, MI 48152, 800-494-5797 પર ટોલ ફ્રીનો સંપર્ક કરીને પણ નીતિ અને અરજીની નિ:શુલ્ક નકલની વિનંતી કરી શકો છો.

Trinity Health નાણાકીય સહાયતા નીતિ, અરજી અને સાદી ભાષાનો સારાંશ અન્ય ભાષાઓમાં અનુવાદિત કરવામાં આવે છે અને તે ઉપર સૂચિબદ્ધ હોસ્પિટલ અથવા દર્દી નાણાકીય સેવા (Patient Financial Services) વિભાગના સંપર્ક દ્વારા ઉપલબ્ધ છે.

### પ્રદાતાની યાદી

હોસ્પિટલ સુવિધામાં કટોકટી અથવા તબીબી રીતે જરૂરી સંભાળ પૂરી પાડતા પ્રદાતાઓની યાદી, જેમને હોસ્પિટલની નાણાકીય સહાયતા નીતિ હેઠળ આવરી લેવામાં આવી છે, તે ઓનલાઇન અથવા વિનંતીને આધારે ઉપલબ્ધ છે.

### ટૂંકા ગાળા અને લાંબા ગાળાની ચુકવણી યોજનાઓ

જો તમે તમારો હિસ્સો ચૂકવી ન શકો તો તમે ટૂંકા અથવા લાંબા ગાળાની ચુકવણી યોજનાઓ માટે લાયક ઠરી શકો છો. Trinity Health ની ટૂંકા ગાળાની ચુકવણી યોજના વ્યાજમુક્ત છે. દર્દીઓએ એક વર્ષની અંદર બાકી રકમ ચૂકવવી આવશ્યક છે. જો તમે એક વર્ષની અંદર કુલ રકમ ન ચૂકવી શકો તો તમે લાંબા ગાળાની વ્યાજ ધરાવતી યોજના મેળવી શકો છો.

### દર્દીની નાણાકીય સેવાઓ

તમને મદદ કરવા માટે નાણાકીય સલાહકારો ઉપલબ્ધ છે. તેઓ તમને નાણાકીય સહાયતાની અરજીઓ પૂર્ણ કરવામાં સહાય કરશે. આનાથી નક્કી કરાશે કે કઇ સહાયતા ઉપલબ્ધ છે. આમાં Medicaid માટે યોગ્યતાનું મૂલ્યાંકન કરવાનો સમાવેશ થાય છે.

તમે જ્યાં સંભાળ મેળવો છો તે સ્થળે તમે નાણાકીય સલાહકારનો સંપર્ક કરી શકો છો. નાણાકીય સલાહકાર એ નિર્ધારિત કરવામાં મદદ કરી શકે છે કે શું તમે નાણાકીય સહાયતા માટે લાયક છો. નાણાકીય સલાહકારો નાણાકીય સહાયતા નીતિ, અરજી અને સાદી ભાષાના સારાંશની નિશુલ્ક નકલો પણ પ્રદાન કરી શકે છે.

**સંઘીય ગરીબી સ્તરની માર્ગદર્શિકાની અહીં સમીક્ષા કરો**

Trinity Health
Mid-Atlantic

THMA-E08607